# મુખ્યમંત્રીને રક્ષા કવચ બાંધવા સમાજના તમામ વર્ગોમાંથી ઉમટેલી માતાઓ-બહેનો

અમદાવાદ, તા.૨૦

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આજે રક્ષાબંધનના પાવન પર્વ પ્રસંગે ભૂતપૂર્વ ઉમંગ-ઉત્સાહથી ઉમટેલી હજારો બહેનો-ભગિની-માતાઓએ પ્રેમ અને ઉત્સાહના પવિત્રભાવથી રાખડી બાંધી હતી.



મંત્રીશ્રી નિવાસ સંકુલમાં આજના રક્ષાબંધન પર્વ પ્રસંગે સમાજના તમામ વર્ગોની માતૃશકિતએ પોતાના બાળકો સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીને રક્ષાબંધન કર્યું હતું. માતૃશકિતએ આશીર્વાદ આપ્યા હતા અને ભગિની-બહેનોએ અંતઃકરણની ખુબ શુભકામના વ્યકત કરી હતી. સતત બે કલાક સુધી કતારમાં રહી ઉત્સાહપૂર્વક બહેનોએ મુખ્યમંત્રીશ્રીને રક્ષાકવચ બાંધ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ રક્ષાબંધન પર્વનો મહિમા ઉજાગર કરતાં જણાવ્યું કે હજારો વર્ષથી આપણી સંસ્કૃતિને રક્ષિત કરવામાં આપણી બહેનો નું યોગદાન મહત્વનું રહ્યું છે. ત્યાગ, તપસ્યા અને પારવારીક જીવનમાં નારીશકિતનું પ્રદાન એ હિન્દુસ્તાનની જ વિશેષતા છે. ભારતને સમૃદ્ધ બનાવવો હોય તો સમાજની ૫૦ ટકા જનસંખ્યા એવી માતાઓનું સશકિતકરણ કરવું જોઈએ તો જ તેજ ગતિથી વિકાસમાં આગળ વધી શકાશે એમ પણ તમણે જણાવ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રક્ષાબંધનના પવિત્ર તહેવારનો મહિમા ઉજાગર કરતાં બહેનો-માતૃશકિતના સ્નેહભાવનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે સમાજના બધા જ વર્ગોની બહેનોના આ રક્ષા કવચથી તેમને દેશ અને ગુજરાતની સેવા કરવામાં વધુને વધુ પ્રેરણા પ્રાપ્ત થતી રહી છે. સમાજના ગરીબ પછાત વર્ગોની સેવા કરવાની પ્રેરણા પણ આ રક્ષાકવચથી મળતી રહે છે.



મુખ્યમંત્રીશ્રીએ દેશના જાંબાઝ સેનાના જવાનો ઉપર પડોશી પાકિસ્તાન તરફથી જે નાપાક જાન લેવા હૂમલા થઈ રહ્યા છે તે અંગે ચિંતા વ્યકત કરતા દેશ અને ગુજરાતની માતૃશકિત ભગિનીઓ આ જવાનો માટે પણ રક્ષા કવચ પુરું પાડવા સ્નેહભાવ વ્યકત કરે તેવી અપીલ કરી હતી.

રક્ષાબંધન પર્વ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીને મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબેન, રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી, અમદાવાદ મેયર મિનાક્ષીબેન પટેલ, મહાપાલિકાના મહિલા કાઉન્સીલરો, ધારાસભ્યો, પદાધિકારીઓ તથા સમાજના વિવિધ વર્ગોની મહિલા શકિતએ શ્રી નરેન્દ્રભાઈ મોદીને રાખડી બાંધી હતી.



ગાંધીનગર શહેરના ખૂબ જ જાણીતા વેદમાતા ગાયત્રી મંદિર પરિસરમાં શ્રાવણી પૂનમ નિમિત્તે સમસ્ત બ્રહ્મ બંધુઓ તેમજ ગાયત્રી ભક્તોનો યજ્ઞોપવિત બદલવાનો સામુહિક કાર્યક્રમ યોજાઈ ગયો. સવારે મોટી સંખ્યામાં બ્રહ્મબંધુઓ હાજર રહ્યા હતા અને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક યજ્ઞોપવિત બદલી હતી.

# શ્રધ્ધા રાખીએ મોટી અને મૂર્તિની સાઈઝ રાખીએ નાની

ગાંધીનગર, તા.૨૦

આપણા દેશમાં શ્રધ્ધા પૂર્વક ઉજવાતા ઉત્સવમાં ગણેશ ચતુર્થી ખૂબ જ ધામ ધૂમથી દરેક રાજયમાં ઉજવાય છે. શ્રધ્ધા પૂર્વક ગણેશની પધરામણી બાદ નિશ્ચિત સમયે વિસર્જન કરવામાં આવે છે. વિસર્જન દરમિયાન થતી પર્યાવરણીય મુશ્કેલીના નિવારણ અર્થે ભારત સરકારનાં વન અને પર્યાવરણ વિભાગ વતી કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલી છે. જે અનુસાર આપણે ગણેશજીની મૂર્તિ કુદરતી માટીમાંથી જ બનાવીએ તથા મૂર્તિમાં કુદરતી રંગોનો જ ઉપયોગ કરીએ. મૂર્તિનું વિસર્જન જયારે કોઈ પણ પ્રકારના જળાશયમાં કરવામાં આવે છે ત્યારે રસાયણવાળી અકુદરતી માટી જયારે જળાશયોનાં તળિયે જમા થાય છે. ત્યારે જળસૃષ્ટિમાં આવેલ જળચરો તથા જલજ વનસ્પતિને તો નુકશાન કરે જ છે પરંતુ તે પાણી જમીનમાં નીચે ઉતરી ભૂગર્ભ જળને પણ બેહદ નુકશાન કરે છે કારણ કે તેમાં રહેલ ભારે ધાતુ તત્વો તથા ઝેરી રસાયણો પોતાની લાંબાગાળાની અસર જે આખરે મનુષ્ય હોય કે અન્ય જીવસૃષ્ટિ આ પાણીનો ઉપયોગ કરનાર પર કરે છે. મૂર્તિનું કદ વધારવા માત્ર થી શ્રધ્ધા મોટી થતી નથી પરંતુ જો શ્રધ્ધા મોટી હોય તો પણી મૂર્તિ મોટી હોય તે જરુરી નથી. જળસૃષ્ટી તથા મનુષ્ય સૃષ્ટીનાં રક્ષણ અર્થે, પ્રદૂષણ અટકાવવાના આ ભગીરથ પ્રયત્નને સફળ કરવા અર્થે જાહેર જનતાને આથી અનુરોધ પણ કરવામાં આવે છે.



૨૧ કિ.મી.ની સંડેરન... ગાંધીનગર રનર્સ ગૃપના ૧૪ સભ્યોએ આ રવિવારે કાવેરી મેરેથોન માટેની ટ્રાયલરન માટે ૨૧ કિ.મી.ની દોડ લગાવી હતી. પૂનિતવનથી ચ-૦ વચ્ચેનાં માર્ગ પર આ ગાંધીનગરનાં નોન પ્રોફેશનલ રનર્સની દોડ સરાહયનીય રહી. આ રનમાં ભાવેશ એરડા, બ્રજેશકુમાર, ઉર્મીલ વેદ, ડૉ. ગુંજન જૈન, ફિરોઝ, આઈ.કે. વાઘેલા, કેયુર કાસ્લીવાલ, ડૉ. જીજ્ઞેશ રાજવીર, શૈલેષ, સંજય થોરાત, સંતોષ કાપડી, મયુર થાનકી, દીપક સકસેના અને શ્રીવાસ્તવે ભાગ લીધો હતો. પૂનિતવનથી લાંબા અંતરની દોડ લગાવતા આ સભ્યો શહેરમાં ખાસ્સી પ્રશંસા પામ્યાં છે.

# ઔદ્યોગિક વિકાસને કારણે લોકોના જીવનધોરણમાં સુધારા અંગે અભ્યાસ હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યમાં થયેલા ઔદ્યોગિક વિકાસને કારણે આમ લોકોના જીવનધોરણમાં કેવો સુધારો થયો એ અંગે એક અભ્યાસ હાથ ધરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ માટે છેલ્લા દસ વર્ષ દરમ્યાન અંદાજે સાત જેટલી વાયબ્રન્ટ સમીટ યોજીને ઔદ્યોગિક મૂડીરોકાણ આકર્ષવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં રાજ્ય સરકારને ધારી સફળતા મળવા પામી હતી.

રાજ્યમાં થયેલા ઔદ્યોગિક વિકાસ અંગેનું એક પ્રેઝન્ટેશન ઉદ્યોગ અને ખાણી વિભાગ દ્વારા સરકાર સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં એવું જણાવાયું હતુ કે દેશમાં મેન્યુફેકચરીંગ સેકટરનો વૃદ્ધિદર આઠ ટકા રહ્યો છે ત્યારે ગુજરાત રાજ્યમાં આ દર ૧૪ ટકા જેટલો રહ્યો છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવે પ્રેઝન્ટેશન રજુ કરતાં આ બેઠકમાં એવું જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કક્ષાએ જી.ડી.પી.માં મેન્યુફેકચરીંગ સેકટરનો ફાળો ૧૮ ટકા છે ત્યારે ગુજરાતમાં આ દર ૨૮ ટકા જેટલો રહ્યો છે. જેને ૨૦૧૭ સુધીમાં ૩૨ ટકા સુધી લઈ જવાનું આયોજન વિભાગ દ્વારા ઘડવામાં આવ્યું છે.

મેન્યુફેકચરીંગ સેકટરમાં દેશમાં ગુજરાત અગ્રેસર રાજ્ય છે. નોંધાયેલી ફેકટરીઓ પૈકી ૨૦ ટકા જેટલા એકમો ગુજરાતમાં છે કે જે ૧૪ લાખ લોકોને સીધી રોજગારી પુરી પાડે છે. રાજ્યનો ઔદ્યોગિક વિકાસ લોકોના જીવન ધોરણમાં થયેલા સુધારામાં કઈ રીતે રીફલેક્ટ થાય છે એ અંગે ચર્ચા આ બેઠકમાં કરવામાં આવી હતી.


રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને કારણે રાજ્યમાં ચાર વર્ષ અગાઉ પ્રતિદિન ૫૬ મિલિયન યુનિટ વીજળી ઘર વપરાશ માટે વપરાતી હતી તે હવે વધીને પ્રતિદિન ૭૮ મિલિયન યુનિટ વપરાતી હોવાનું બેઠકમાં ઉપસ્થિત એક વિભાગના અગ્ર સચિવે જણાવ્યું હતું.

આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને કારણે લોકોના જીવનધોરણમાં થયેલા સુધારા અંગેનો એક અભ્યાસ હાથ ધરવા માટે વિભાગને સૂચના આપવામાં આવતાં આગામી ટૂંક સમયમાં જ વિભાગ દ્વારા આ અંગેનો એક અભ્યાસ હાથ ધરીને અભ્યાસ અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગરની જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, ચિલોડા મુકામે જિલ્લા કક્ષાની ટેકવોન્ડો સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાની ૮ વિદ્યાર્થીનીઓએ જિલ્લા ટેકવેન્ડો સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં અંજના ચૌધરી, પ્રિયાંશી ચૌધરીએ પ્રથમ નંબર તથા શીતલ ચૌધરી, ઊર્મિલા સૈંદરવાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

## શબ્દાવલી - ૫૧૫૫



### આડી ચાવી

૧. સાચી પરિસ્થિતિ, વાજબીપણુ (૫)
૪. 'ધરા' શબ્દ ઊંધો (૨)
૬. કાકલુદી, વિનંતી (૪)
૮. ... કરીને પડો ફતેહ છે આગે (૩)
૧૦. દુનિયા (૨)
૧૧. એક તેલીબીયા (૨)
૧૩. બકબક (૪)
૧૬. રોજનીસી, દિવસનો કાર્યક્રમ (૪)
૧૮. ખુબ વધારે (૨)
૧૯. જોર (૨)
૨૦. આયનો, શીશો (૨)
૨૧. ચોખ્ખું (૨)
૨૨. મીઠું, સબરસ (૩)

### ઊભી ચાવી

૧. નકામુ, વ્યર્થ (૪)
૨. આરામ (૩)
૩. માદળીયું (૩)
૪. ફરિયાદ (૨)
૫. માલિક, ... હોવું (૪)
૭. નગરજનોની વાત સાંભળવા પહેલાના રાજાઓ વેશપલટો કરી ... જોવા નીકળતા (૫)
૯. કાણુ, છેદ (૨)
૧૨. વચનથી બંધાયેલું (૫)
૧૩. કોઈક દિવસ (૨)
૧૪. ... પુંજો, સંજવારી (૩)
૧૫. મુશ્કેલી ભરી પરિસ્થિતિનો સામનો કરવો (૩)
૧૭. વાંચનાર વર્ગ (૩)
૨૦. કાર્ય, કાજ (૨)

### શબ્દાવલી ૫૧૫૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) દરકાર (૪) મશક (૭) ટકોર (૯) રણ (૧૦) વાદી (૧૨) નફરત (૧૪) નવાઈ (૧૭) સજા (૧૮) કચવાટ (૨૦) જાળી (૨૧) ભૂલક્કડ (૨૨) માલદાર (૨૪) ત્રીજ (૨૫) કાર (૨૬) માળો

**ઊભી ચાવી :-** (૧) દરવાન (૨) કાટ (૩) રકોન (૫) શરત (૬) કણ (૮) રફ (૧૧) દિવાસળી (૧૩) રફુચક્કર (૧૫) ઈજા (૧૬) ખાટ (૧૮) કલદાર (૧૯) વાડ (૨૦) જાવંત્રી (૨૧) ભૂલકા (૨૩) ચાળો

# વિહિપના કાર્યકરોની પર જોરદાર લાઠીચાર્જ કરાયો

## વિશ્વહિન્દુ પરિષદના ધરપકડ કરવામાં આવેલા કાર્યકરને મુક્ત કરવાની માંગને લઈ દેખાવ વેળા મામલો બિચક્યો

અમદાવાદ,તા. ૨૦

શાહિબાગ પોલીસ કમિશ્નર કચેરી ખાતે આજે વિશ્વહિન્દુ પરિષદના દેખાવ કરી રહેલા કાર્યકરો પર પોલીસે જોરદાર લાઠીચાર્જ કર્યો હતો જેમાં વિશ્વહિન્દુ પરિષદના કાર્યકર સહિત ચાર લોકો ઘાયલ થયા હતા. કેટલાક કાર્યકરોને ઈજા થયા બાદ સારવાર અર્થે વીએસ હોસ્પિટલમાં ખસેડવાની પણ ફરજ પડી હતી.

આ બનાવના કારણે શહેર પોલીસ કમિશનરની કચેરી આસપાસ તંગદિલી ફેલાઈ ગઈ હતી. મળેલી માહિતી મુજબ થોડાક દિવસ પહેલા જ અટકાયતમાં લેવામાં આવેલા વિશ્વહિન્દુ પરિષદના કાર્યકરને મુક્ત કરવાની માંગણીને લઈને વિશ્વહિન્દુ પરિષદના કાર્યકરો અને અન્ય લોકો દેખાવ કરી રહ્યા હતા. ધરપકડ સામેના વિરોધમાં પ્રદર્શન દરમિયાન એકાએક મામલો બિચક્યો હતો. કાર્યકરો કાળા ધ્વજની સાથે પ્રદર્શન કરી રહ્યા હતા. કેટલાક કાર્યકરોએ પોલીસ કમિશનરની કચેરી અંદર જવાના પ્રયાસો કરતા સ્થિતિ વણસી ગઈ હતી.

પોલીસને સ્થિતિને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. લાઠીચાર્જમાં વિશ્વહિન્દુ પરિષદના કેટલાક કાર્યકરોને ઈજા થઈ હતી. આ બનાવને લઈને પોલીસ સામે કાર્યકરોમાં જોરદાર નારાજગીનું મોજુ ફરી વળ્યુ હતુ. આ મામલો આવનાર દિવસોમાં પણ વધુ રાજકીય ગરમી જગાવે તેવી શક્યતા છે કારણકે વિશ્વહિન્દુ પરિષદનાકાર્યકરો દેખાવ કરી રહ્યા હતા. આ દેખાવો દરમિયાન ઝોન વનના ડીસીપી વિરેન્દ્ર યાદવની ગાડીને પણ રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલે પોલીસે હજુ સુધી લાઠી ચાર્જના મામલે કોઈ પ્રતિક્રિયા કરી નથી. પરંતુ એકાએક નિર્દયરીતે પોલીસને લાઠી ચાર્જ કેમ કરવાની ફરજ પડી તેને લઈને સ્થાનિક લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. પોલીસના અધિકારીઓ પણ લાઠી ચાર્જમાં જોડાયા હતા. થોડાક સમય માટે સમગ્ર વિસ્તારમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી જો કે મોડેથી સ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. લાઠી ચાર્જના ગાળા દરમિયાન પણ અતિ વ્યસ્ત રહેતા પોલીસ કમિશનર કચેરીના વિસ્તારમાં વાહન વ્યવહારને કોઈ અસર થઈ ન હતી અને રાબેતા મુજબ વાહન વ્યવહાર જારી રહ્યો હતો. ટ્રાફિક પોલીસે પણ વાહન વ્યવહારને જાળવી રાખવામાં ભૂમિકા ભજવી હતી.

# ભાજપની અનેક કોન્ટ્રાક્ટરો સાથેની સાંઠગાંઠનો પર્દાફાશ

કુબેરનગર આઈટીઆઈ પાસે આવેલી રેલવે લાઈન પર અન્ડરબ્રીજના કામમાં એપ્રોચના કામની કામગીરીમાં સંખ્યાબંધ પ્રકારની ગેરરીતીઓ કોન્ટ્રાક્ટર દ્વારા આચરવામાં આવી હોવા છતાં તેને સત્તાધારી ભાજપ છાવરતું હોવાનું મ્યુનિ. ઓડીટ અહેવાલમાં બહાર આવ્યું હોવાનો આક્ષેપ મ્યુનિ. કોંગ્રેસ પક્ષે કર્યો છે. વિરોધપક્ષના નેતા બદરૂદીન શેખે જણાવ્યુંછે કે આ કામનો વર્કઓર્ડર તા. ૨૭-૯-૦૬ ના રોજ આપેલો તે કામ કોન્ટ્રાક્ટરે ૫.૫ માસ કામ મોડુ શરૂ કર્યુ હતું. જેમ કામ ચાલુ થયું તે દરમ્યાન અન્ડરગ્રાઉન્ડ યુટીલીટી સર્વિસિસની ૯૦૦ મીમી તથા ૭૦૦ મીમી ડાયાની ડ્રેનેજ લાઈન તથા ૧૬૫૦ મીમી ડાયાની રાસ્કાની ઈર્સ્ટન ટ્રંક મેઈન વોટર લાઈન હોવાનું માલુમ પડેલું ત્યારે પ્રશ્ન એ ઉભો થવા પામે છે કે આ કામના કન્સલટન્ટ તરીકે મલ્ટી મીડીયા કન્ટ્રક્શન કંપનીને કામ આપ્યું હતું તેઓ દ્વારા આ બાબતે અગાઉ કેમ તપાસ ના કરી અને સર્વેની કામગીરી દરમ્યાન પણ માલુમ કામ ના પડ્યું? તેટલુંજ નહીં પરંતુ કે કન્સલટન્ટ તથા તંત્ર સામે બેદરકારી બાબતે કોઈ કાર્યવાહી કેમ કરવામાં ના આવી ? ઉપરોક્ત બેદરકારીને કારણે કામ જે તા. ૧૫-૯-૦૮ના રોજ પૂર્ણ કરવાનું થતું હતું તે કામ ત્રણ વર્ષના વિલંબ પછી તા. ૨૦-૧૨-૧૧ના રોજ પૂર્ણ થયેલ જેને કારણે લોકોને ૩ વર્ષ સુધી હાલાકીનો સામનો કરવો પડ્યો અને મ્યુ. કોર્પો. પર આર્થિક ભારણ વધ્યું, લાઈનો શીફ્ટ કરવા માટે કોન્ટ્રાક્ટર તરીકે રવિ બિલ્ડર્સને રૂા. ૩.૩ કરોડનું કામ માત્ર ક્વોટેશનથી જ આપી દેવામાં આવ્યું.

## અધિકારીઓને જવાબદારી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જે અધિકારીઓને સુપરવિઝનની જવાબદારી સોંપવામાં આવી છે તેમાં કલોલ પ્રાંતને કલોલ તાલુકાની, જિલ્લા પુરવઠા અધિકારીને દહેગામ તાલુકાની, ખાસ જમીન સંપાદન અધિકારીને માણસા તાલુકાની તથા ગાંધીનગર પ્રાંત અધિકારીને ગાંધીનગર તાલુકાના સુપરવિઝનની જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લામાં દહેગામ તાલુકા સિવાય અન્ય તાલુકાઓમાં ખાનગી એજન્સી દ્વારા બાળકોને યોજનામાં અન્ન પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

જો કે જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના માટે ડે. કલેકટરશ્રીથી લઈ છેક ક્લાર્ક સુધીની ૫૦ ટકાથી પણ વધુ જગ્યાઓ હાલ ખાલી પડી છે. આ માટે રાજ્ય સરકારમાં પણ અલગથી રજુઆતો કરવામાં આવી છે. પરંતુ કોઈ નક્કર કામગીરી થઈ નથી. જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાના સુપરવિઝન માટે હવે ખાસ અધિકારીઓ નિયુક્ત કરવામાં આવ્યા છે.

# શાળાના બાળકો હવે બોર્ડની પરીક્ષા પણ આપી શકશે નહીં

## તમામ શાળાઓને પોતાની માહીતી વેબસાઈટ મુક્વાનું સીબીએસઈનું ફરમાન : શાળાઓ સામે કેટલીક શરતો

અમદાવાદ, તા.૨૦

સેન્ટ્રલ બોર્ડ સેકેન્ડરી એજ્યુકેશન દ્વારા એક અજીબો ગરીબ જાહેરાત કરવામાં આવી છે જે મુજબ તમામ શાળાઓને પોતાની વેબસાઈટ તૈયાર કરી તમામ માહિતી વેબસાઈટ ઉપર મુકવાની છે જે શાળાઓ વેબસાઈટ તૈયાર નહીં કરાવે તે શાળાના વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન બોર્ડની પરીક્ષા માટે નહીં કરવામાં આવે અને આ માટેની તમામ જવાબદારી શાળાના સંચાલકની રહેશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા શિક્ષણમાં આધુનિકતા અને પારદર્શિતા લાવવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે બોર્ડે તમામ શાળાઓને પરીપત્ર મોકલ્યો છે. જેમાં દરેક શાળાને પોતાની વેબસાઈટ તૈયાર કરીને આ વેબસાઈટ ઉપર શાળાની તમામ વિગતો મુકવા માટે જણાવ્યું છે એટલું જ નહીં તમામ શાળાઓએ ૧૫ સપ્ટેમ્બર પહેલા વેબસાઈટ તૈયારી કરી તેમાં તમામ માહીતી અપલોડ કરી હોવાની રહેશે અને આ ફરમાન સીબીએસઈ સાથે જોડાણ ધરાવતી તમામ શાળાઓ માટે ફરજીયાત છે જે શાળાઓ આ માહીતી વેબસાઈટ પર નહીં મુકે તો તે શાળાના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા આપવા દેવામાં આવશે નહીં તેમનું રજીસ્ટ્રેશન પણ કરવામાં આવશે નહીં અને જે વિદ્યાર્થીઓ પરીક્ષા નહીં આપી શકે તેની તમામ જવાબદારી સંચાલકોની રહેશે.

સીબીએસઈ દ્વારા જુદા જુદા પ્રકારની માહિતી વેબસાઈટ પર મુકવા માટે વેબસાઈટ ઉપર મુકાઈ છે જે યાદી મુજબની તમામ બાબતની માહિતી શાળાઓએ પોતાની વેબસાઈટ ઉપર ફરજીયાત મુકવાની રહેશે પરંતુ અહીં પ્રશ્ન એ છે કે જો કોઈ શાળા વેબસાઈટ ન બનાવે અથવા બોર્ડે યાદીમાં સુચવેલ માહિતી અપલોડ ન કરે તો વિદ્યાર્થીઓને ભોગવવાનું કેમ ? શાળાના સંચાલકોની ભુલનું પરીણામ વિદ્યાર્થીઓ શા માટે ભોગવે ? રાજયમાં મોટાભાગની સીબીએસઈની શાળાઓ મનમાની ચલાવે છે. પેરન્ટસ-ટીચર્સ એસોસિએશનના ઠેકાણે નથી. આવામાં કોઈ શાળા બોર્ડના આદેશનું પાલન નહી કરે તો છેલ્લી ઘડીએ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બની જાય તેવી સ્થિતિ સર્જાઈ છે જેનાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા વ્યાપી ગઈ છે.

# બે દિવસીય સ્ક્રીન પ્રિન્ટીંગનો વર્કશોપ : ૩૦ વિદ્યાર્થી સામેલ

## વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓને છેક ૪૦૦ વર્ષ જુની આદિવાસી સંસ્કૃતિની ચિત્રકળાનો પરિચય પણ કરાવાયો

અમદાવાદ, તા.૨૦

પંડીત દિનદયાલ પેટ્રોલ યુનિવર્સિટીની સ્કુલ ઓફ લીબરલ સ્ટડીઝ ઓડીટ કોર્સ અંતર્ગત બે દિવસીય વર્કશોપનું આયોજન થયું હતું. જેમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ સ્ટુન્ડટ સ્ક્રીન પ્રિન્ટીંગ વર્કશોપમાં જોડાયા હતા. આ ઉપરાંત ડાંગના અનિલ પટેલે ૫૦ વિદ્યાર્થીઓને ૪૦૦ વર્ષ જુની આદિવાસી સંસ્કૃતિની ચિત્રકળાનો પરીચય કરાવ્યો હતો. જેમાં ચોક્કસ રેખાકંનો દ્વારા આદિવાસીની જીવનશૈલીની ઝાંખી રજુ કરવામાં આવી હતી. શહેરી વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહથી વારલીની સાથે સાથે પછવે આર્ટ પણ શીખ્યા હતા.

વારલી આર્ટ વર્કશોપમાં ભાગ લીધેલ રિદ્ધિ ચોપડાએ જણાવ્યું હતું કે વારલી આર્ટ આપણી કળા અને સંસ્કૃતિને સમજવા ઘણી જ ઉપયોગી થઈ રહી છે કારણ કે આર્ટ અને કલ્ચરની ઘણી બાબતે આજની યુવા પેઢીને ખબર નથી. પરંતુ આ ચિત્રો પાછળનું સુંદર આશય તેઓ સમજી શકે છે અને તેની મદદથી આદિવાસી સંસ્કૃતિને સમજી શકે છે.

આ ઉપરાંત સ્ક્રીન પ્રિન્ટીંગ વર્કશોપ પણ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને પેપર અને ફેબ્રીકની મદદથી એક અનેરી આભાવ ઉભી કરતી સ્ક્રીન પ્રીન્ટીંગ શીખાવવામાં આવી હતી. જેમાં સ્ક્રીન પ્રિન્ટીંગનો ઈતિહાસ, તેનો ઉપયોગ, સ્ક્રીન પ્રિન્ટીંગમાં વપરાતા કલરની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ વર્કશોપમાં ભાગ લેનાર નિષા નામની વિદ્યાર્થીની પોતાના અનુભવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ વર્કશોપ ભર્યા બાદ આર્ટને સમજવાનું મારું વલણ બદલાઈ ગયો છે. સ્ક્રીન પ્રિન્ટીંગ સાથે સાથે કેલીગ્રાફી વર્કશોપ પણ યોજાયો હતો જેમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ કેલીગ્રાફીની કળા શીખી હતી. કેલીગ્રાફીમાં મુળાક્ષરોની ખુબ જ આકર્ષક અને મરોડદાર રીતે લખવામાં આવે ચે. કેલીગ્રાફીના વર્કશોપમાં વિદ્યાર્થીઓ કેલીગ્રાફીનો ઈતિહાસ, ફીનિશીંગ અને ડિટેલિંગ, ઝોમાર્ફિક સ્ટાઈલની કેલીગ્રાફી, કેલિગ્રાફીનો ઉપયોગ જેવી ઘણી બાબતો શીખ્યા હતા. ઓડીટ કોર્સમાં કેલીગ્રાફી શીખેલ સીમરન ભાટ્યાએ જણાવ્યું હતું કે અમને અહીંયા ઉત્તમ માર્ગદર્શન અને નવું શીખવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે ઓડીટ કોર્સ અંતર્ગત વ્યવસાયમાં ઉપયોગી જુદા જુદા કૌશલ્યોની પ્રાથમિક તાલીમ આપવામાં આવે છે જેમાં આ વખતે ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.